# નોટિસ પેપર ભાગ–૧
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# નવમું સત્ર
# બુધવાર, તા.૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):-

## માનનીય સભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા

ગુજરાતના જનજાતીય સમુદાયના વિકાસ માટે સરકારે વ્યક્તિગત, કૌટુંબિક અને સામુદાયિક ધોરણે વિકાસના અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. રાજ્યના તત્કાલિન માન. મુખ્યમંત્રીશ્રી અને હાલના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ તરીકે જાણીતી વનબંધુ કલ્યાણ યોજના(VKY)નો અમલ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ થી એક વિશિષ્ટ મિશન તરીકે શરૂ કરવામાં આવ્યો. સને ૨૦૨૦–૨૧ સુધીમાં વનબંધુ કલ્યાણ યોજના–૧ (VKY–1) માં કુલ ₹ ૧.૦૬ લાખ કરોડનો(રૂપિયા એક લાખ છ હજાર કરોડ) ખર્ચ કરવામાં આવેલ હતો. આ યોજનાના અમલ થકી અકલ્પનીય પરિણામો મળતાં રાજ્ય સરકારશ્રી દ્વારા વનબંધુ કલ્યાણ યોજના–૨ શરૂ કરવામાં આવી. રાજ્ય સરકારે સને ૨૦૨૧–૨૨ થી ૨૦૨૫–૨૬ માટે ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના–૨ (VKY–2) શરૂ કરેલ તે મુજબ અમારી સરકારે પાલન કરી અને જાહેરાત મુજબ એક લાખ કરોડ જોગવાઈ કરેલ છે. આ કાર્યક્રમને આગળ ધપાવતાં રાજ્ય સરકાર દ્વારા આદિજાતિઓના વિકાસ માટે, વનબંધુ કલ્યાણ યોજના–૨ (VKY–2)ની જોગવાઈ કરતાં બમણી એટલે કે, સને ૨૦૨૬–૨૭ થી આગામી પાંચ વર્ષ માટે ₹ ૨ લાખ કરોડની જોગવાઈ અંતર્ગત વિવિધ ૧૫ મુદ્દાઓનો સમાવેશ કરી, "જનજાતીય કલ્યાણ યોજના" શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૨૬–૨૭ માટે ₹ ૩૫,૭૮૦ કરોડ(પાંત્રીસ હજાર સાતસો એંશી કરોડ)ની જોગવાઈ પ્રથમ વર્ષ માટે કરવામાં આવેલ છે. ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજનાનું બજેટ જે અગાઉ વર્ષ ૨૦૦૭–૦૮ માં ₹ ૧૫,૦૦૦ કરોડ હતું. જે વધીને વર્ષ ૨૦૨૬–૨૭ માં આગામી ૫ વર્ષ માટે ₹ ૨ લાખ કરોડ થયું, જે આશરે ૧૩ ગણાનો વધારો દર્શાવે છે. આ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૫૮૮૪ ગામોમાં રહેતા ૧ કરોડ આદિજાતિ લોકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક લાભો સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર કાર્યરત રહે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**